# હો પાર્શ્વ પ્રભુ પરમાત્મા

(રાગ: મારું આયખું ખૂટે જે ઘડીએ)

(રાગ: જરા સામને તો આવો છલિયે)

હો પાર્શ્વ પ્રભુ પરમાત્મા, તને આજે પુકારે મારો આત્મા

જો જે ડુબે ના નાવડી મારી, મને એક તારો આધાર છે

આજે આવ્યો પ્રભુ તારે જ દ્વારે, ભવ ભવ ભટકી આ ભવ મળિયા

ખુબ અથડાયો, બહુ પછડાયો, તરછોડાયો આ જગમાં

પ્રભુ કરશો ના કસોટી આવડી, મારી આંખલડી રડે ચોધાર રે

જો જે ડુબે ના નાવડી મારી, મને એક તારો આધાર છે ...

ભાગ્યમાં હોય તે ભોગવ્યે છૂટકો, સુખ કે દુઃખમાં કોઈ નહિ

તારી ભક્તિનો રંગ જ લાગ્યો, સંસારી સમજે કોક અહી

ઘેલો સમજે છે માત ભ્રાત બહેનડી, એનું દુખ પ્રભુ ના લગાડજે

જો જે ડુબે ના નાવડી મારી, મને એક તારો આધાર છે ...

માણેક સમકિત મળે જીવનમાં, સાચી સમજ આવે નહિ

પથ્થર એટલા દેવ પુજ્યેથી, મોક્ષની પ્રાપ્તિ થાયે નહિ

મેં તો માન્યા તમોને પિતા માતડી, પ્રભુ તું તો કરુણા ભંડાર છે

જો જે ડુબે ના નાવડી મારી, મને એક તારો આધાર છે ...

હો પાર્શ્વ પ્રભુ પરમાત્મા, તને આજે પુકારે મારો આત્મા

જો જે ડુબે ના નાવડી મારી, મને એક તારો આધાર છે

03-16-2016 - https://www.youtube.com/watch?v=qVGOTJcQWzM